1. યુવા અજંપાનો અર્થ આપો.

➢ યુગ પરિવર્તનના સ્પર્ધાત્મક સંજોગોમાં યુવાનોના જીવનમાં ઇચ્છાઓ, અપેક્ષાઓ કે ધ્યેય પ્રાપ્ત કરવાના માર્ગમાં કોઈ અંતરાય કે અવરોધ અનુભવે ત્યારે તેની અસર તેમના માનસપટ પર થાય છે. યુવાવર્ગના માનસમાં ધ્યેયપ્રાપ્તિની અને વંચિતતાની જે અસર ઉદ્દભવે છે તેને અસંતોષ કહે છે. યુવાનોનો આ અસંતોષ એટલે 'યુવા અજંપો'.

2. સમાજવ્યવસ્થાની જાળવણી માટે ક્યા બે પ્રકારનાં ધોરણો જોવા મળે છે ?

➢ સમાજવ્યવસ્થાની જાળવણી માટે આ બે પ્રકારનાં ધોરણો જોવા મળે છેઃ (1) હકારાત્મક ધોરણો : સમાજના સભ્યોએ કેવું વર્તન કરવું જોઈએ તે દર્શાવતાં ધોરણો. દા. ત., સમાજના વડીલ સભ્યોને માન અને આદર આપવા તથા (2) નકારાત્મક ધોરણો : સમાજના સભ્યોએ કેવું વર્તન કરવું જોઈએ નહિ તે દર્શાવતાં ધોરણો. દા. ત., વાતચીત દરમિયાન સમાજમાં અમાન્ય હોય તેવા શબ્દોનો ઉપયોગ ન કરવો.

3. ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ યુવાનની કઈ લાક્ષણિકતા દર્શાવે છે?

➢ ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ યુવાનની લાક્ષણિકતા દર્શાવતા જણાવે છે કે, "યુવાન એટલે ચહકતા, થિરકતા, આદર્શવાદી, જલદી ગુસ્સે થનાર, જલદી ભૂલી જનાર, વધુ કાર્યરત, બોલકા, ઉત્સાહી, તોછડા, હિંસક અને શક્તિશાળી હોય છે. તેઓ ખૂબ ઝડપથી ઉષ્માભર્યા પ્રેમસંબંધો બાંધે છે અને એટલી જ ઝડપથી આ સંબંધો તોડી પણ નાંખે છે. તેઓ અત્યંત આશાવાદથી માંડી નિરાશાવાદ સુધીનો દૃષ્ટિકોણ ધરાવે છે. તેઓ હંમેશાં નવી ટેક્નોલૉજી અને અજાણ્યામાં રસ લેવાની વૃત્તિ ધરાવે છે."

4. સમાજશાસ્ત્રના શબ્દકોશમાં બાળ અપરાધની કઈ વ્યાખ્યા.(March 18)

➢ સમાજશાસ્ત્રના શબ્દકોશમાં બાળ અપરાધની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : "બાળ અપરાધ અમુક ઉંમરથી નીચેની ઉંમરનાં બાળકો અને કિશોરોનાં એવાં સમાજવિરોધી લ્યો સૂચિત કરે છે કે જે સ્પષ્ટ રીતે કાયદાથી પ્રતિબંધિત થયેલાં હોય છે અથવા કાયદામાં જે કૃત્યોનું અર્થઘટન અપરાધ તરીકે કરીને તેની સામે કોઈક સત્તાવાર પગલાં નક્કી કરવામાં આવ્યાં હોય છે."

5. ડૉ. હંસા શેઠે બાળ અપરાધની કઈ વ્યાખ્યા આપી છે?

➢ ડૉ. હંસા શેઠે પોતાના બાળ અપરાધના અભ્યાસમાં બાળ અપરાધની આ વ્યાખ્યા આપી છે : "સમાજશાસ્ત્રીય સંશોધનમાં બાળ અપરાધી શબ્દ ફક્ત એવા બાળકને સચિત કરે છે કે જે બાળકની સામે પોલીસ અધિકારીઓએ અથવા અદાલતી સત્તાવાળાઓએ સત્તાવાર રીતે કોઈ પગલાં લીધાં હોય છે."

## 6. સમાજશાસ્ત્રીય ખ્યાલ મુજબ કોને બાળ અપરાધ ગણવામાં આવે છે ?

- સમાજશાસ્ત્રીય ખ્યાલ મુજબ, બાળકનું જે વર્તન સમાજની સામાજિકસાંસ્કૃતિક અપેક્ષાના માળખામાં બંધબેસતું ન હોય અને સમાજીકરણની પ્રક્રિયામાં અવરોધરૂપ બનતું હોય તેમજ કુટુંબ અને સમુદાય માટે વિઘટન સર્જતું હોય તેવાં વર્તનને 'બાળ અપરાધ' ગણવામાં આવે છે.

## 7. જયાં વ્યક્તિગત પરિબળો બાળકને અપરાધી વર્તન કરવા માટે પ્રેરણા આપે છે?

- બાળકને અપરાધી વર્તન કરવા માટે શારીરિક – માનસિક પરિસ્થિતિ અને તેનો સ્વભાવ તેને અપરાધી વર્તન કરવા માટે પ્રેરણા આપે છે. વિદ્રોહ કરવાનું વલણ, મનસ્વીપણું, અસલામતીની લાગણી, ડરપોકપણું, આત્મનિયંત્રણનો અભાવ, સંવેદનાત્મક સંઘર્ષ લઘુતાગ્રંથિ વગેરે વ્યક્તિગત પરિબળો બાળ અપરાધ માટે જવાબદાર છે.

## 8. કુટુંબની કઈ પરિસ્થિતિમાં બાળક માનસિક તાણ અનુભવે છે?

- કુટુંબમાં માતાપિતા એકબીજાથી અલગ રહેતાં હોય, કોઈ એકનું મૃત્યુ થયું હોય, કુટુંબ ભગ્ન થયું હોય, બાળકને સ્નેહ, સંભાળ અને સલામતી મળતાં ન હોય, ઘરમાં જગ્યાનો અભાવ હોય, માતાપિતા વધુ પડતું નિયંત્રણ રાખતાં હોય, અતિશય લાડને કારણે માતાપિતાનું બિલકુલ નિયંત્રણ ન હોય, ઘરની આર્થિક સ્થિતિ નબળી હોય, પિતા વ્યસની હોય વગેરે પરિસ્થિતિમાં બાળક માનસિક તાણ અનુભવે છે

## 9. બાળ અપરાધીની ઉંમરને શાથી મહત્ત્વની બાબત ગણવામાં આવે છે?

- બાળ અપરાધની સમસ્યાના સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં અપરાધી વર્તન કરતાં બાળકોની ઉંમરને મહત્ત્વની બાબત ગણવામાં આવે છે. પોતાનાં વર્તનો તથા પરિણામો વિશેની બાળકોની સભાનતાને અને ઉંમરને ગાઢ સંબંધ છે. આથી બાળ અપરાધના દરેક કિસ્સામાં અપરાધી વર્તન કરનાર બાળકની ઉંમર ધ્યાનમાં લેવામાં આવે છે.

## 10. રૉબર્ટ મર્ટન સામાજિક ધોરણભંગ વર્તન કોને કહે છે?

- સમાજશાસ્ત્રી રૉબર્ટ મર્ટનના મતે સમાજમાન્ય ધોરક્ષોથી વિરુદ્ધનું વ્યક્તિનું વર્તન એટલે સામાજિક ધોરણભંગ વતન.

## 11.અપરાધ કોને કહેવાય ?

- 'અપરાધ' એટલે સમાજમાં રાજયસત્તા દ્વારા અમલમાં મૂકવામાં આવેલા કાયદાઓનું ઉલ્લંઘન કરતું વર્તન.

12.બાળ અપરાધી કોને કહેવાય? (March 18, 19)

- સામાન્ય રીતે 7થી 18 વર્ષની વચ્ચેની ઉંમર ધરાવતી વ્યક્તિના ગેરકાનૂની વર્તનને 'બાળ અપરાધ' કહે છે અને આવું ગેરકાનૂની વર્તન કરનાર બાળકને 'બાળ અપરાધી' કહેવામાં આવે છે.

13. બોસ્ટલ શાળાની સૌપ્રથમ સ્થાપના ક્યાં અને ક્યારે થઈ? (July 18)

- બોસ્ટલ શાળાની સૌપ્રથમ સ્થાપના ઈ. સ. 1902માં ઇંગ્લેન્ડના બોસ્ટલ નામના શહેરમાં કરવામાં આવી હતી.

14. સામાજિક ધોરણોનું પાલન કરવાના સંદર્ભે સમાજમાં કયા બે પ્રકારનાં વર્તન જોવા મળે છે?

- સામાજિક ધોરણોનું પાલન કરવાના સંદર્ભે સમાજમાં આ બે પ્રકારનાં વર્તન જોવા મળે છે : (1) ધોરણ અનુરૂપ વર્તન અને (2) ધોરણ વિરુદ્ધ વર્તન (ધોરણભંગ અથવા સામાજિક વિચલન).

15. અપરાધી વર્તન કોને કહેવાય ?

- સમાજમાં જ્યારે કોઈ વ્યક્તિ કે સમૂહ રાજયના ઘડેલા કાયદા કે કાનૂનનું ઉલ્લંઘન કરે ત્યારે તેને અપરાધી વર્તન કહેવાય. દા. ત., ઈ. સ. 1961ના દહેજ પ્રતિબંધક કાયદા વિરુદ્ધનું વર્તન અપરાધી વર્તન છે.

16. સમાજવિરોધી વર્તન કોને કહેવાય ?

- વ્યક્તિ કે સમૂહ સમાજમાં પ્રસ્થાપિત લોકરીતિ, રિવાજ, રૂઢિ, પરંપરા વગેરે ધોરણોનું ઉલ્લંઘન કરે ત્યારે વ્યક્તિ કે સમૂહના આ વર્તનને સમાજવિરોધી વર્તન કહે છે. દા. ત., આંતરજ્ઞાતીય કે આંતરધર્મીય લગ્ન.

17. બાળ અપરાધ માટે જવાબદાર કારણોને મુખ્યત્વે કયા બે વિભાગમાં વહેંચવામાં આવે છે ?

- બાળ અપરાધ માટે જવાબદાર કારણોને મુખ્યત્વે આ બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (1) સામાજિક અને આર્થિક કારણ તથા (2) વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણ.

18. કૉલેજના યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કોણે કર્યો છે?

- 'કૉલેજના યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ' જાણીતા યુવા અભ્યાસી ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટે કર્યો હતો.

19. પ્રત્યેક સમાજ પોતાના સભ્યો પાસે ધોરણોના પાલનની અપેક્ષા સાથી રાખે છે ?

- પ્રત્યેક સમાજ પોતાના સભ્યો પાસે ધોરણોના પાલનની અપેક્ષા એટલા માટે રાખે છે કે જેથી સમાજનાં સુગ્રથન, એકતા અને સાતત્ય જળવાઈ રહે.